દાદા ભગવાન પરિવારનું
ડિસેમ્બર ૨૦૨૨
પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



# Solve Your Problems

## સંપાદકીય

મિત્રો,

માની લો કે તમે સ્કૂલેથી પાછા ફરી રહ્યા છો. હવામાં ધુમ્મસ ફરી વળ્યું છે અને તમને ઘરે જવાનો રસ્તો નથી જડી રહ્યો. એ વખતે જો સૂરજદાદા હાજર થઈ જાય તો ધુમ્મસ ગાયબ થઈ જાય અને રસ્તો પણ મળી જાય. એવી જ રીતે આપણી લાઈફમાં પણ એવા પ્રૉબ્લેમ્સ આવી જાય છે કે આપણને બહાર નીકળવાનો રસ્તો નથી મળતો. જો એ વખતે સૂઝની લાઈટ હાજર થઈ જાય તો ગૂંચવાડાનું ધુમ્મસ ગાયબ થઈ જાય અને પ્રૉબ્લેમની બહાર નીકળવાનો રસ્તો પણ મળી જાય.

તો, આ સૂઝ છે શું ? સૂઝથી સાકરચંદે સત્તર ઊંટોની વહેંચણી કેવી રીતે કરી ? અને એ જ સૂઝનો ઉપયોગ વિરાંશે કેવી રીતે કર્યો ? જ્ઞાનીઓની સૂઝ કેવી હોય ? શું આપણા વહાલા વહાલા આલુ ચિલીને સૂઝે હેલ્પ કરી ? ચાલો, જાણીએ આ અંકમાં...

- ડિમ્પલ મહેતા


# અક્રમ એક્સપ્રેસ

વર્ષ : ૧૫, અંક : ૪
સળંગ અંક : ૧૭૨
ડિસેમ્બર ૨૦૨૨



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Editor : Dimple Mehta

Printer & Published by
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Multiprint
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.



© 2022, Dada Bhagwan Foundation
All Rights Reserved



લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
પાંચ વર્ષ
ભારત : ૧,૦૦૦ રૂપિયા
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



# જ્ઞાનીઓ કહે છે...

પ્રશ્નકર્તા : સૂઝ એટલે શું ?

પૂજ્યશ્રી : સમજ પડી જાય એ સૂઝ કહેવાય. કંઈ પ્રૉબ્લેમ આવે એટલે આપણને થાય, શું કરીશું ? કઈ રીતે સૉલ્વ કરીશું ? તો મહીં સૂઝ પડી જાય, આવી રીતે કરીશું તો સૉલ્વ થઈ જશે.

પ્રશ્નકર્તા : સૂઝ કેવી રીતે વધે ?

પૂજ્યશ્રી : સાચી સમજણથી સૂઝ વધે. બીજાના સારા કામ જોઈને ખુશ થઈએ કે, કેવી સરસ સૂઝ છે, એમના કામને વખાણીએ કે કેવું સરસ કામ કર્યું, સામાનું પોઝિટિવ જોઈએ તો આપણી સૂઝ વધ્યા જ કરે.

પ્રશ્નકર્તા : સૂઝ ઓછી થવાના કારણો શું છે ?

પૂજ્યશ્રી : બીજાના દોષ જોવાથી સૂઝ ઓછી થતી જાય. કોઈ સરસ કામ કરતો હોય તો આપણે એપ્રીશિએશન કરવાને બદલે એના નેગેટિવ જોઈએ, તો આપણી સૂઝ ઓછી થતી જાય.

આજથી નક્કી કરો કે પોઝિટિવ જોવું છે. તો સૂઝ વધશે. પોઝિટિવ અને નિર્દોષ જોવા. તો બધી શક્તિ વધી જશે.



# ચાલો રમીએ...


મધમાખીને મધપૂડા
સુધી પહોંચાડો.



ગયા અંકમાં આપેલ ચિત્રમાં સૌથી સારા
રંગો પૂરનાર વેદ ભાનુશાલીને અભિનંદન...



Ved Bhanushali
Bharuch
7 Yrs




AALOO CHILLY
સૂરજદાદાની કટ્ટી ! આપણો ચીલી આઈસ્ક્રીમ ઓગાળી દીધો !
અરે, નો ચિંતા !
પીગળેલા આઈસ્ક્રીમનો ચીલી શેક કેવો લાગ્યો ?
ચીલી, તું સૌથી સ્માર્ટ છે !
આ રુબી રેટ મારી ફેવરિટ હેટ ખાઈ ગયો !
તું રડ નહીં, મારી પાસે આઈડિયા છે !
આ લે, તારી હેટ ન્યૂ થઈ ગઈ !
ન્યૂ હેટ... ચીલી, યૂ આર સો સ્માર્ટ !
આ તોફાની મોન્ટુ મંકીએ મારા રૂમનો પડદો તોડી નાખ્યો !
આ જો, બની જશે તારો બ્રાન્ડ ન્યૂ ગ્રીન પડદો !
તને જોઈ જોઈને હું પણ સ્માર્ટ થઈ ગયો !
વાહ, તું તો આઈડિયાબાઝ છે.



ઈર્ષા કરવાથી સૂઝ
ખલાસ થઈ જાય છે.

# આ તો



સૂઝ એ મોટામાં મોટી શક્તિ છે.
એ બધા બખેડામાંથી
(પ્રૉબ્લેમ્સમાંથી) બહાર કાઢે.
જ્યાં જ્યાં ફસાયો હોય ત્યાંથી
બહાર કાઢે એ સૂઝ !



એક ટાંકીમાં એક જ કાણું હોય તો પાણી ટકે ખરું ? કે વીસ કાણા પાડવા પડે ? એમ એક પણ દોષ જોયો એટલે એક કાણું પાડ્યું. તરત સૂઝ ખલાસ થઈ જશે.

# નવી જ વાત !



સૂઝવાળા માણસના પરિચયમાં રહો તો તમારી સૂઝ ખીલતી જાય.

# ક્રેયોન્સ

૧૯૯૦નું એ વેકેશન બન્ને ભાઈઓ માટે યાદગાર બની ગયું.

ઋગ્વેદ અને વિરાંશ પોતાની બેગ્સ પેક કરીને ગાડીની રાહ જોઈ રહ્યા હતા. ઋગ્વેદને વિરાંશની બેગમાં બહુ બધા ક્રેયોન્સ દેખાયા. ક્રેયોન્સ સિવાય પણ બેગમાં કંઈ ભર્યું છે કે નહીં ?!! ઋગ્વેદે વિરાંશને પૂછ્યું. નાના ભાઈની મજાક ઉડાવવાનો કોઈ પણ ચાન્સ એ ચૂકતો ન હતો. વિરાંશ હંમેશની જેમ ચૂપ રહ્યો.



ત્યાં તો 'બીપ બીપ' કારનો હૉર્ન વાગ્યો. યશ એના પપ્પા સાથે ઋગ્વેદ અને વિરાંશને લેવા આવ્યો હતો. ત્રણેયની વાતોમાં રસ્તો ક્યાં કપાઈ ગયો એ ખબર પણ ના પડી.

કેમ્પમાં એક ખુશમિજાજ ભાઈએ બધા બાળકોનું સ્વાગત કર્યું. "હેલ્લો ફ્રેન્ડ્સ. વેલકમ ટૂ ધ કેમ્પ. મારું નામ અનીલ છે અને આ મલ્લિકા મેડમ છે.", અનીલભાઈએ પરિચય આપ્યો. મલ્લિકા મેડમે બધા બાળકોને સરસ મજાની મીઠી સ્માઈલ આપી.

"ત્રણ દિવસના આ કેમ્પમાં આપણે ખૂબ ધમાલ-મસ્તી કરીશું. અને હા, એક વાત ખાસ કહેવાની. આમ તો આપણે બધા અહીંયા સુરક્ષિત છીએ. પણ જો કોઈ પ્રૉબ્લેમ આવે તો યાદ રાખજો કે સૉલ્યુશન કાયમ આસપાસ જ હોય છે." આ સાંભળીને વિરાંશ થોડો વિચારમાં પડી ગયો. ઋગ્વેદે યશ તરફ જોઈને કહ્યું, "હાઉ બૉરિંગ... આ લોકો ધમાલ ક્યારે કરાવશે ?" ઋગ્વેદે મોટું બગાસું ખાધું અને યશ જોરથી હસી પડ્યો.

"અરે વાહ, તને પણ કલરિંગ ગમે છે ? મને પણ !" વિરાંશની બેગમાં ક્રેયોન્સ જોઈને એની પાસે બેઠેલી એક વાંકડિયા વાળવાળી છોકરીએ પૂછ્યું.

"હા..."

"નાઈસ ! આજે સાંજે ક્રેયોન આર્ટ છે..." અને પછી તરત જ પોતાનો પરિચય આપ્યો, "મારું નામ જાનવી છે અને તારું... ?"

"વિરાંશ..." વિરાંશને લાગ્યું જાણે એને કોઈ પોતાના જેવું મળી ગયું.

ત્યાં તો અનીલ સરે ત્રણ તાળીઓ પાડી અને કહ્યું, "ચાલો, એક આઈસ-બ્રેકર ગેમ રમીએ... બધાને ટગ ઑફ વૉર વિશે તો ખબર જ હશે ને !" અનીલ સરે બધાને બે ટીમમાં વહેંચ્યા.

વિરાંશ, જાનવી, ઋગ્વેદ અને યશ એક ટીમમાં હતા. જાનવીએ બધાને નજીક બોલાવીને ધીમેથી કહ્યું, "જ્યારે બળથી કામ ના થાય ત્યારે કળથી કામ લેવું જોઈએ. સામેની ટીમ આપણાથી વધુ સ્ટ્રોંગ છે. એટલે પહેલા તો આપણે ફક્ત ખેંચાઈ ના જઈએ એટલું જ જોર લગાડીશું. પછી તેઓ થાકે એટલે આપણે ખેંચવા પર જોર મારીશું. શું લાગે છે બધાને ?" બધાને એની વાત ગમી અને બધાએ એના કહ્યા પ્રમાણે કર્યું. તેઓ જીતી ગયા !

"વાહ... તને આવું કેવી રીતે સૂઝ્યું ?" વિરાંશે જાનવીને પૂછ્યું.

"ઓહ, મેં ક્યાંક જોયું હશે. તને ખબર છે... સમજણ તો બધે જ હોય. ફક્ત કેચ કરવી પડે !" આવું કહી જાનવીએ એના ચશ્મા સરખા કર્યા.



"સાચી વાત છે..." વિરાંશે કહ્યું.

"એમાં શું મોટી વાત છે... અમે થોડું વિચાર્યું હોત તો અમને પણ સૂઝી જાત..." ઋગ્વેદે યશ તરફ જોઈને કહ્યું... "હા, હા, સૂઝી જ જાત..." યશ બોલ્યો.

બપોરે બધા બગીચામાં આર્ટ એક્ટિવિટી માટે મળ્યા. મલ્લિકા મેમના ચહેરા પર થાક હતો. એમણે એક નાનકડી બૉટલ પોતાના પર્સમાંથી કાઢી અને બે વખત મોઢામાં સ્પ્રે કર્યું.

વિરાંશને કુતૂહલ થયું. એણે જાનવીને પૂછ્યું, "એ શું છે ?"


"ઓહ એ... એ અસ્થમા પમ્પ છે. અસ્થમા એક શ્વાસની બીમારી છે..."

મેમ બધાને જોઈને બોલ્યા, "આપણે ક્રેયોન આર્ટ કરીશું. વ્હાઈટ શીટ વચ્ચેથી ફોલ્ડ કરી એના પર તમારી મનગમતી ડિઝાઈન દોરો. પછી, તેના પર સંચાથી ક્રેયોન્સને છોલીને પાથરો. તમારા ક્રેયોન્સ છોલાઈ જાય એટલે મારી પાસે લઈ આવજો. પેપર ફોલ્ડ કરીને હું એના પર ઈસ્ત્રી ફેરવી આપીશ. ઈસ્ત્રીની ગરમીથી ક્રેયોન્સ પીગળી જશે અને તમારી શીટ પર સરસ મજાની ડિઝાઈન બની જશે."

"શું ક્રેયોન્સ પીગળી જાય ?" જાનવીને આશ્ચર્ય થયું.

"હા... ક્રેયોન્સ મીણના બનેલા હોય. એટલે પીગળી જાય !" વિરાંશને જવાબ સૂઝ્યો.

વિરાંશ અને જાનવીને ક્રેયોન આર્ટમાં ખૂબ મજા પડી. પણ યશ અને ઋગ્વેદના કંટાળાનો પાર ના રહ્યો.



રાત પડી. બધા બાળકો સૂવાની તૈયારી કરી રહ્યા હતા. તે જ વખતે વિરાંશની નજર મલ્લિકા મેમ પર પડી. તેઓ કંઈક શોધી રહ્યા હતા. અને અચાનક પાવર કટ થઈ ગયો.

"અનીલભાઈ, મને મારો પમ્પ નથી મળતો. શું તમારી પાસે ટૉર્ચ છે ?" મલ્લિકા મેમ થોડા હાંફી રહ્યા હતા. અસ્થમાની બીમારીના કારણે પમ્પ વગર મલ્લિકા મેમને શ્વાસ લેવામાં

તકલીફ થઈ રહી હતી.

અનીલભાઈએ અંધારામાં શોધવાની ખૂબ કોશિશ કરી. પણ તેમને ના તો ટૉર્ચ મળી કે ના કેન્ડલ. એમની પાસે એક નાનકડું લાઈટર હતું, પણ એની લાઈટ ઓલવાઈ જતી હતી અને પમ્પ શોધવા માટે પૂરતી ન હતી. મલ્લિકા મેમની હાલત બગડી રહી હતી.

તે જ વખતે વિરાંશને કંઈક સૂઝયું. એના ખિસ્સામાં થોડા ક્રેયોન્સ હતા. "ક્રેયોન્સ મીણમાંથી બનેલા હોય, તો મીણબત્તીની જેમ એને પણ સળગાવી શકાય ને !"

અનીલ સર પાસેથી લાઈટર લઈને એણે ક્રેયોન્સ સળગાવ્યા. કેન્ડલની જેમ ક્રેયોન્સ સળગ્યા અને એની લાઈટની મદદથી મલ્લિકા મેમનો પમ્પ મળી ગયો. મલ્લિકા મેમના શ્વાસમાં શ્વાસ આવ્યો અને ત્યાં તો લાઈટ પણ આવી ગઈ.

"ક્રેયોન્સનો મીણબત્તી તરીકે ઉપયોગ... બ્રિલિયન્ટ", મલ્લિકા મેમે વિરાંશને શાબાશી આપી અને દિલથી આભાર વ્યક્ત કર્યો, "તેં મારી જાન બચાવી વિરાંશ, થેંક યુ સો મચ..."

"વિરાંશ... ખરેખર ખૂબ સ્માર્ટ આઈડિયા હતો !" જાનવીએ વિરાંશને કહ્યું.


"કદાચ તારી સ્માર્ટનેસ એપ્રીશિએટ કરતા કરતા થોડી ઘણી મારામાં પણ આવી ગઈ..." વિરાંશે લાઈટલી કહ્યું અને પછી ઉમેર્યું, "યાદ છે ? અનીલ સરે કહ્યું હતું, સૉલ્યુશન આસપાસ જ હોય..."

"અરે સરની વાતો તો અમે પણ સાંભળી હતી." ઋગ્વેદ અને યશ પણ ત્યાં આવી પહોંચ્યા, "પણ અમને તો ના સૂઝયું. યૂ આર રિયલી સ્માર્ટ માય લિટલ બ્રધર !" ઋગ્વેદે પહેલીવાર દિલથી વિરાંશના વખાણ કર્યા.


તે દિવસે વિરાંશ કેમ્પનો હીરો બની ગયો.




# અઢારમું ઊંટ




પિતાજીની બધી જ સંપત્તિની વહેંચણી થઈ ગઈ. પણ, પિતાજીના સહુથી વહાલા ઊંટોને કેવી રીતે વહેંચીશું ?
ચિંતા ના કરો. એક ડાયરીમાં પિતાજીએ સાફ લખેલું છે કે ઊંટોની વહેંચણી કેવી રીતે કરવાની છે.
ત્રણેય દીકરાઓએ પિતાજીની ડાયરી શોધી.
મારા મૃત્યુ પછી મારા મોટા દીકરાને અડધા ભાગના ઊંટ, વચલાને ત્રીજા ભાગના અને સૌથી નાના દીકરાને નવમા ભાગના ઊંટ મળશે.
જો વહેંચણી ના ફાવે, તો મારા મુનીમ સાકરચંદની સલાહ લેવી.
આ શું ? પિતાજી પાસે તો સત્તર ઊંટ છે. સત્તર ઊંટના અડધા તો કેવી રીતે કરાય ? આ કેવી વિચિત્ર વહેંચણી કરી છે પિતાજીએ !



તને સહુથી ઓછા ઊંટ મળ્યા છે એટલે તું આમ બોલે છે.
તો શું તને વહેંચણી કરતા ફાવશે ?
પણ સાકરચંદ તો સાવ ડફોળ છે. એને શું ઉકેલ લાવતા આવડશે ?
પણ, જ્યારે ત્રણેયને ઉકેલ ના જડ્યો ત્યારે સાકરચંદ પાસે જવું જ પડ્યું.
સાકરચંદે ત્રણેયની વાત ધ્યાનથી સાંભળી.
ચાલો, તમારા સત્તર ઊંટોમાં મારો એક ઊંટ ઉમેરું. હવે સરવાળો અઢાર (૧૮) થઈ ગયો.
અઢારનો અડધો ભાગ નવ (૯). નમન, આ તારા નવ ઊંટ.


અઢારનો ત્રીજો ભાગ છ (૬). શિવમ, તારા છ ઊંટ.
અઢારનો નવમો ભાગ બે (૨). એટલે હરીના બે ઊંટ.
ત્રણેય ભાઈઓને નવ, છ અને બે ઊંટ આપ્યા બાદ (૯+૬+૨ = ૧૭) સાકરચંદે સત્તર ઊંટોની સફળતાપૂર્વક વહેંચણી કરી દીધી.
હવે, હું મારો અઢારમો ઊંટ પાછો લઈ લઉં છું.
મુનીમજી, આટલો જોરદાર ઉકેલ તમને જડ્યો કેવી રીતે ? અમે તો સાવ ગૂંચાઈ ગયા હતા.



સમસ્યાઓનો ઉકેલ શોધતા તો હું તમારા પિતાજી પાસેથી શીખ્યો છું. એમના પરિચયમાં રહીને મારી સૂઝ ખીલી.
કામમાં કોઈ પણ પ્રૉબ્લેમ આવે તો એમને ઉકેલ લાવવાની સૂઝ તરત જ પડી જતી.
એમના કામને વખાણતા વખાણતા મને ખ્યાલ જ ના રહ્યો કે મારી સૂઝ ક્યારે વધી ગઈ !
હવે સમજાયું, કે અમારી સૂઝ આટલી ઓછી કેમ છે...
એકબીજાને વખાણવાનું તો બાજુએ રહ્યું, અમે તો એકબીજાના દોષ જોવામાંથી જ ઊંચા નહોતા આવતા.
મુનીમજી, અમે પિતાજીનો લાભ તો ના લીધો, પણ તમારા પરિચયમાં રહેવાની તક ચૂકીશું નહીં !

# તમારી જાતને

રીના અને કીના ટ્વિન સિસ્ટર્સ છે. ક્યારેક કીનાને સૂઝ પડે તો ક્યારેક રીનાને... નીચે આપેલા વાક્યોમાંથી શોધો કે કઈ સમજણથી કોની સૂઝ ખીલે છે અને તે વાક્ય પર ટીક કરો.






# ચકાસી જુઓ...


હું બીજાનું જોઈને શીખું છું.
હું બધા કરતા બેસ્ટ છું.


કોઈની ભૂલ થાય તો હું સુધારવાના રસ્તા શોધું છું.
કોઈની ભૂલ થાય તો હું તરત એને બતાવી દઉં છું.



# મીઠી યાદેં

સાઉથ ઈન્ડિયાની જાત્રાનો આ પ્રસંગ છે. નીરુમા અને પૂજ્યશ્રી સાથે મહાત્માઓ ગરબાની રમઝટ માણી રહ્યા હતા. તે વખતે નીરુમાને સમાચાર મળ્યા કે જે ગાડીમાં કિચનનો સામાન હતો તે ગાડીને પંચર પડ્યું છે.

કિચનના સામાન વગર આટલા બધા મહાત્માઓનું જમવાનું કેવી રીતે બનાવવું ? મહાત્માઓને ટાઈમસર જમાડવું પણ જરૂરી હતું. પણ નીરુમા તો કયારેય કોઈ પણ સમસ્યામાં ગૂંચાય નહીં. એમને તો તરત જ સૉલ્યુશન લાવવાની સૂઝ પડી જાય.

નીરુમાએ ત્રણ મહાત્મા બહેનોને સાઈડમાં બોલાવીને પરિસ્થિતિની જાણ કરી અને સાથે કોઈ હૉટલમાં રસોઈ બનાવવાની જગ્યા શોધી કાઢવા માટે કહ્યું. નીરુમાએ બહેનોને હૉટલના વાસણો વાપરીને હૉટલવાળાને ભાડું ચૂકવી દેવાનું સૂચન કર્યું.

નીરુમાએ ફટાફટ ખીચડી, કઢી અને શાકનું મેનુ સેટ કરી દીધું અને ભાઈઓને બજારમાં જઈને ચોખા, દાળ, બટાકા, દહીં, ચણાનો લોટ અને મસાલા લઈ આવવા કહ્યું.

નીરુમાની અનોખી સૂઝ અને ગાઈડન્સથી ભાઈઓ-બહેનોએ સાથે મળીને દોઢ જ કલાકમાં ઝટપટ રસોઈ બનાવી દીધી અને મહાત્માઓને પેટ ભરીને જમાડ્યા !

# ચતુર બીરબલ



બાદશાહ અકબર એમના દરબારમાં બેઠા હતા. તે જ વખતે એક દરબારી કાચના વાસણમાં કંઈક લઈને આવ્યો.

બાદશાહે પૂછ્યું, ''આ શું છે ?''

દરબારીએ કહ્યું, ''આમાં રેતી અને ખાંડનું મિશ્રણ છે.''

''શેના માટે ?'' બાદશાહે પૂછ્યું.

''અમે બીરબલની કુશળતાની પરીક્ષા કરવા ઈચ્છીએ છીએ. બહુ ચર્ચાઓ સાંભળી છે કે બીરબલ ગમે એવી સમસ્યાનો ઉકેલ લાવી શકે છે. જો તે એટલો જ કુશળ હોય તો પછી આ મિશ્રણમાં કશું મેળવ્યા વગર રેતી અને ખાંડને અલગ પાડી આપે.''

દરબારીએ ચેલેન્જ ફેંકી.

બાદશાહ અકબરે બીરબલને કહ્યું, ''જોઈ લે બીરબલ, રોજ તને એક નવી સમસ્યા આપી દઈએ છીએ. શું તારી પાસે આનો કોઈ ઉકેલ છે ?''

''આનો ઉકેલ તો બહુ સહેલો છે.'' કહી બીરબલ કાચનું વાસણ લઈને દરબારની બહાર નીકળી ગયો.

બીરબલે ખાંડ અને રેતીનું મિશ્રણ એક ઝાડની આજુબાજુ પાથરી દીધું.

''આ શું કરે છે બીરબલ ?'' દરબારીએ પૂછ્યું.

''એ તો તમને કાલે ખબર પડશે.'' બીરબલે વિશ્વાસપૂર્વક કહ્યું.

બીજા દિવસે બધા દરબારીઓ બાદશાહ અકબર સાથે એ ઝાડ પાસે ભેગા થયા. ત્યાં તો ફક્ત રેતી જ પડી હતી. ખાંડના દાણાઓ લઈને કીડીઓ પોતાના દરમાં ઘૂસી ગઈ હતી.

''અરે, ખાંડ ક્યાં જતી રહી ?'' દરબારીએ પૂછ્યું.

''રેતીથી અલગ થઈ ગઈ !'' બીરબલે કહ્યું.

અને બધા જ હસી પડી પડ્યા.

Akram Express

December 2022
Year : 15, Issue :4
Conti. Issue No.: 172

BALVIGNAN

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2021-2023
valid upto 31.12.2023
Licensed to Post Without Pre-payment No.
PMG/NG/040/2021-2023
valid upto 31.12.2023
Posted at Adalaj Post Office on 08th of every month

# જ્ઞાનમંદિર, અડાલજ( ગુરુકુળ )માં ધો. ૫,૬,૭,૮ માં પ્રવેશ મેળવવા માટે




જય સચ્ચિદાનંદ,

જ્ઞાનમંદિરમાં રહીને પરમ પૂજ્ય દાદા ભગવાનના જ્ઞાન થકી પોતાના દીકરામાં સંસ્કાર સિંચન થાય તેવું ઈચ્છતા માતા - પિતાએ પોતાના દીકરાના ઈન્ટરવ્યુ માટે જ્ઞાનમંદિર, સીમંધર સીટી (અડાલજ)માં તા. ૩૧ જાન્યુઆરી - ૨૦૨૨ સુધીમાં ફોનથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજીસ્ટ્રેશન ફક્ત ધો. ૫,૬,૭અને ૮ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ(છોકરાઓ) માટે જ થશે.

નીચે જણાવેલ ફોન પર સંપર્ક કરવો.

સમય : સવારે - ૧૦.૦૦ થી ૧૨:૩૦
બપોરે - ૦૩:૦૦ થી ૦૬:૩૦
મો. - ૯૯૨૪૩૪૪૪૮૧.



**અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના**

૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. **AGIT**૫૫૫/૦૮-૨૦૨૮ એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે.
અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.
૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **WhatsApp** કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**,૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - **B-99 GIDC, Sector - 25** ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.